CPS

# ક્રાઉન પ્રોસિક્યુટરો માટેની આચારસંહિતા

The Code for Crown Prosecutors
Gujarati edition, February 2010

ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ
ફેબ્રુઆરી 2010

ક્રાઉન પ્રોસિક્યુટરો માટેની આચારસંહિતા

ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ

ફેબ્રુઆરી **2010**

# 1 પરિચય

1.1 ધ ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (સી.પી.એસ.) (The Crown Prosecution Service (CPS)), ઈંગ્લેન્ડ અને વેલ્સ માટેની પ્રમુખ પબ્લિક પ્રોસિક્યુશન સર્વિસ છે. જાન્યુઆરી 2010માં, તે રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ પ્રોસિક્યુશન્સ ઓફિસ (Revenue and Customs Prosecutions Office) (RCPO) સાથે જોડાઈ હતી. આ સેવાના વડા ડાઈરેક્ટર ઓફ પબ્લિક પ્રોસિક્યુશન (ડી.પી.પી.) (Director of Public Prosecutions (DPP)) છે, જેઓ રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ પ્રોસિક્યુશન્સના ડાઈરેક્ટર પણ છે. ડી.પી.પી. (DPP) પોતાનો કારભાર સ્વતંત્રપણે ચલાવે છે, જેના પર એટર્ની જનરલ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે, જેઓ પ્રોસિક્યુશન સેવાના કામ માટે સંસદને જવાબદાર છે.

1.2 પ્રોસિક્યુશન ઓફ ઓફેન્સીસ એક્ટ 1985ની કલમ 10 હેઠળ ક્રાઉન પ્રોસિક્યુટરો માટેની આચારસંહિતા (કોડ) (the Code) બનાવવા માટે ડી.પી.પી. (DPP) જવાબદાર છે. આ આચારસંહિતા, પ્રોસિક્યુશનો (કોઈના પર ફરિયાદ માંડવી કે નહિ) વિશેના નિર્ણયો લેતી વખતે લાગુ પાડવાના સામાન્ય સિદ્ધાંતો ઉપર પ્રોસિક્યુટરોને માર્ગદર્શન આપે છે. આચારસંહિતાની આ છઠ્ઠી આવૃત્તિ છે અને તે અગાઉની આવૃત્તિઓના સ્થાને આવે છે.

1.3 આ આચારંસહિતામાં, પરિભાષા ''પ્રોસિક્યુટરો''("prosecutors")નો ઉપયોગ, ક્રાઉન પ્રોસિક્યુટરો તરીકેનો હોદ્દો પામેલાં પ્રોસિક્યુટરો; આર.સી.પી.ઓ. (RCPO)નાં સભ્યો હોય તેવાં પ્રોસિક્યુટરો; પ્રોસિક્યુશન ઓફ ઓફેન્સીસ એક્ટ 1985ની કલમ 7A હેઠળ હોદ્દો પામેલાં હોય અને જેઓ ડી.પીપી. દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર પોતાની સત્તાઓનો ઉપયોગ કરતાં હોય તેવાં અસોસિએટ પ્રોસિક્યુટરો; અને આર.સી.પી.ઓ. (RCPO)ના અન્ય સભ્યો જેમને ડી.પી.પી. (DPP) દ્વારા તેમની ડાઈરેક્ટર ઓફ રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ પ્રોસિક્યુશન્સની પોતાની ક્ષમતામાં રહીને કમિશનર્સ ઓફરેવન્યૂ એન્ડ કસ્ટમ્સ એક્ટ 2005ની કલમ 39 હેઠળ નીમવામાં આવ્યા હોય તેવાં પ્રોસિક્યુશન સર્વિસના સભ્યોનું વર્ણન કરવા માટે કરવામાં આવ્યો છે.

1.4 આ કોડમાં, ''પોલીસ અથવા અન્ય તપાસકાર્યો''નો ઉપયોગ, તેવી તમામ તપાસ સંસ્થાઓના સભ્યોનું વર્ણન કરવા માટે કરવામાં આવ્યો છે, જેમ કે સીરિયસ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એજન્સી (Serious Organised Crime Agency) તેમજ યુકે બોર્ડર એજન્સી (UK Border Agency), જેઓ કેસો તૈયાર કરીને પ્રોસિક્યુશન સર્વિસ સમક્ષ રજૂ કરે છે.

1.5 પ્રોસિક્યુશન સર્વિસ પોલીસ તેમજ અન્ય તપાસ કરનારાંઓ સાથે નિકટતાપૂર્વક મળીને કામ કરતી હોવા છતાં, તેઓ તેમનાથી સ્વતંત્ર છે. પ્રોસિક્યુટરોની સ્વતંત્રતા પાયાની બંધારણીય અગત્યતા છે.

1.6 પ્રોસિક્યુશન સર્વિસ, અન્ય અધિકારક્ષેત્રોની તપાસ કરતી તેમજ પ્રોસિક્યુશન કરતી સંસ્થાઓની સાથે સહકારથી કામ કરે છે, જેથી ઈંગ્લેન્ડ અને વેલ્સ બંને સ્થળે તેમજ વિદેશમાં પણ તપાસ અને પ્રોસિક્યુશનનાં કામોમાં સરળતા કરી શકાય.

1.7 કમિશનર્સ ઓફ  રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ એક્ટ 2005ની કલમ 36(2) અનુસાર, આર.સી.પી.ઓ. (RCPO)ના જે પ્રોસિક્યુટરો તેમની તે ક્ષમતામાં કામ કરતાં હોય, તેમણે ડી.પી.પી. (DPP) દ્વારા બહાર પડાયેલી ક્રાઉન પ્રોસિક્યુટરો માટેની આચારસંહિતાને ધ્યાનમાં રાખવી જ પડે છે.

1.8 આ આચારસંહિતામાં, પરિભાષા ''શકમંદ'' (સસ્પેક્ટ)નો ઉપયોગ એવી વ્યક્તિના વર્ણન માટે કરવામાં આવ્યો છે જેના પર હજુ સુધી ઔપચારિક ફોજદારી કાર્યવાહીઓ કરવામાં આવી ન હોય; પરિભાષા ''પ્રતિવાદી'' (આરોપી - ડીફેન્ડન્ટ)નો ઉપયોગ એવી વ્યક્તિનું વર્ણન કરે છે જેના પર ચાર્જ મૂકવામાં આવ્યો હોય કે જેના પર સમન્સ મોકલવામાં આવ્યું હોય; અને પરિભાષા ''અપરાધી'' (ગુનેગાર અથવા દોષપાત્ર વ્યક્તિ - ઓફેન્ડર)નો ઉપયોગ એવી વ્યક્તિના વર્ણન માટે કરવામાં આવ્યો છે જેણે પોતાનો અપરાધ (કે ગુનો) પોલીસ ઓફિસર અથવા તપાસ કરી રહેલ અન્ય વ્યક્તિ કે પ્રોસિક્યુટર સમક્ષ કબૂલ કર્યો હોય, અથવા જેને કાયદાની કોર્ટમાં ગુનેગાર તરીકે સાબિત કરવામાં આવ્યો/આવી હોય.

1.9 પ્રકાશિત કરાયેલ અને જાહેર રીતે ઉપલબ્ધ બે મુખ્ય દસ્તાવેજોમાંથી એક આ આચારસંહિતા છે, જેમાં પ્રોસિક્યુશન સર્વિસનો હેતુ તેમજ કામ સમજાવવામાં આવ્યું છે. બીજો દસ્તાવેજ 'કોર ક્વોલિટી સ્ટાન્ડર્ડ્સ' (ગુણવત્તાનાં મુખ્ય ધોરણો)ની પુસ્તિકા છે. માત્ર આચારસંહિતા કાયદા દ્વારા બહાર પાડવામાં આવી છે. .

1.10 સાથે મળીને, તેઓ જાહેર જનતાને જાણ કરે છે કે, પ્રોસિક્યુટરો શું કરે છે; તેઓ તેમના નિર્ણયો કેવી રીતે લે છે; અને પોતાના કામના દરેક મુખ્ય પાસામાં પ્રોસિક્યુશન સર્વિસ કેવા સ્તરની સેવા પૂરી પાડવા માટે કટીબદ્ધ છે.

1.11 આ આચારસંહિતા તેમજ કોર ક્વોલિટી સ્ટાન્ડર્ડ્સની પુસ્તિકા આ પુસ્તિકાની પાછળ આપેલા સંપર્કોની યાદીમાં જણાવેલા સ્થળેથી મળી શકે છે.

# 2 સામાન્ય સિદ્ધાંતો

2.1 કોઈ વ્યક્તિને પ્રોસિક્યુટ કરવાનો (તેના પર ફરિયાદ માંડવાનો) અથવા કોર્ટ બહાર કેસનો નિકાલ કરવાની ઓફર કરવાનો નિર્ણય એક ગંભીર પગલું છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ન્યાયી અને અસરકારક પ્રોસિક્યુશન અતિ આવશ્યક છે. યોગ્ય વ્યક્તિને યોગ્ય ગુના માટે પ્રોસિક્યુટ કરવામાં આવે છે તેની ખાતરી કરવાની અને જ્યારે પણ શક્ય હોય ત્યારે અપરાધીઓનો ન્યાય કરવાની પ્રોસિક્યુટરોની ફરજ છે. કેસ વર્ક અંગેના જે નિર્ણયો ન્યાયી, નિષ્પક્ષ અને પ્રમાણિકતાથી લેવામાં આવે છે તે ગુનાનો ભોગ બનેલાં લોકો, સાક્ષીઓ, પ્રતિવાદીઓ તેમજ જાહેર જનતાને ન્યાય અપાવવામાં મદદ કરે છે.

2.2 કેસોની પુનઃવિચારણા કરવી, તેના ઉપર સલાહ આપવી અને અપરાધીને પ્રોસિક્યુટ કરવાની અથવા કોર્ટ બહાર કેસનો નિકાલ કરવાની ઓફર કરવાની પ્રોસિક્યુટરોની ફરસજ છે. આ આચારસંહિતામાં જણાવવામાં આવેલા સિદ્ધાંતો અનુસાર કાયદો યોગ્ય રીતે લાગુ પાડવામાં આવે છે; કોર્ટ સમક્ષ તમામ લાગતાવળગતા પુરાવાઓ રજૂ કરવામાં આવે છે; અને બાબતોની સ્પષ્ટતા કરવાના કર્તવ્યોનું પાલન કરવામાં આવે છે તેની પ્રોસિક્યુટરોએ ખાતરી કરવી જ જોઈએ.

2.3 આમ તો દરેક કેસની તેની પોતાની હકીકતો તેમજ તેના પોતાના ગુણાંકો પર વિચારણા કરવામાં આવવી જોઈએ, તેમ છતાં પ્રોસિક્યુટરો જેવી રીતે દરેક કેસ પ્રત્યે અભિગમ રાખે છે તે માટે કેટલાક સામાન્ય સિદ્ધાંતો લાગુ પડે છે.

2.4 પ્રોસિક્યુટરો વાજબી, સ્વતંત્ર અને હેતુપૂર્ણ હોવા જ જોઈએ. તેમણે શકમંદ વ્યક્તિ, ગુનાનો ભોગ બનેલ વ્યક્તિ અથવા કોઈ પણ સાક્ષીના લઘુમતી કે રાષ્ટ્રિય મૂળ, લિંગ, અસમર્થતા, ઉંમર, ધર્મ કે માન્યતા, રાજકીય મંતવ્યો, જાતીય અભિગમ અથવા લૈંગિક ઓળખ વિશેના પોતાના અંગત અભિપ્રાયોની તેમના નિર્ણય પર અસર ન જ પડવા દેવી જોઈએ. તેવી જ રીતે પ્રોસિક્યુટરો પર કોઈના તરફથી થતા કોઈ પણ અયોગ્ય અથવા અનુચિત દબાણની અસર પણ ન જ થવી જોઈએ. પ્રોસિક્યુટરોએ માત્ર ગુનો સાબિત કરવાના હેતુસર જ નહિ પરંતુ હંમેશાં ન્યાયના હિતમાં જ કામ કરવું જોઈએ.

2.5 હાલના લાગતાવળગતા સમાનતાને લગતા કાયદાના હેતુસર પ્રોસિક્યુશન સર્વિસ એક જાહેર સત્તા છે. આ કાયદામાં નક્કી કરવામાં આવેલી ફરજોથી પ્રોસિક્યુટરો બંધાયેલા છે.

2.6 હ્યુમન રાઈટ્સ એક્ટ 1998ના હેતુસર પણ પ્રોસિક્યુશન સર્વિસ એક જાહેર સત્તા છે. કેસના દરેક તબક્કે પ્રોસિક્યુટરોએ હ્યુમન રાઈટ્સ એક્ટ (Human Rights Act 1998) અનુસાર યુરોપિયન કન્વેન્શન ઓન હ્યુમન રાઈટ્સ (માનવ અધિકારો ઉપરના યુરોપિયન સંમેલન) (European Convention on Human Rights)ના સિદ્ધાંતો લાગુ પાડવા જ જોઈએ. પ્રોસિક્યુટરોએ એટર્ની જનરલ દ્વારા બહાર પાડવામાં આવેલી કોઈ પણ માર્ગદર્શિકાઓનું અને ડી.પી.પી. (DPP) વતી બહાર પાડવામાં આવેલી પ્રોસિક્યુશન સર્વિસની નીતિઓનું પણ પાલન કરવું  જ જોઈએ. હાલમાં અમલમાં રહેલા ક્રિમિનલ પ્રોસીજર રૂલ્સ (ફોજદારી કાર્યવાહીઓના નિયમો)નું પણ તેમણે પાલન કરવું જ જોઈએ.

# 3 પ્રોસિક્યુટ કરવું કે નહિ તેનો નિર્ણય

3.1 વધારે ગંભીર અથવા જટિલ કેસોમાં, વ્યક્તિ ઉપર ફોજદારી ગુનાનો ચાર્જ મૂકવો જોઈએ કે નહિ, અને, જો તે ચાર્જ મૂકવામાં આવે તો તે કયા ગુના માટે હોવો જોઈએ તેનો નિર્ણય પ્રોસિક્યુટરો કરે છે. તેઓ આ આચરસંહિતા અનુસાર અને ચાર્જ મૂકવા અંગેની ડી.પી.પી. (DPP)ની માર્ગદર્શિકા અનુસાર તેમના નિર્ણયો લે છે. પોલીસ જેના માટે જવાબદાર હોય તે કેસોમાં વ્યક્તિ પર ચાર્જ મૂકવો કે સમન્સ જારી કરવું તેનો નિર્ણય લેવામાં પણ પોલીસ આ જ સિદ્ધાંતો લાગુ પાડે છે.

3.2 કોઈ ગુનો કરવામાં આવ્યો હોઈ શકે તેવા આરોપો માટેની તપાસ કરવા પોલીસ તેમજ અન્ય તપાસ સંસ્થાઓ જવાબદાર છે. પ્રોસિક્યુટરને પોલીસ અથવા અન્ય તપાસકારો પાસેથી મળતા દરેક કેસ ઉપર પુનઃવિચારણા કરવામાં આવે છે. કેસ વિશે કઈ સર્વોત્તમ રીતે પગલાં લઈ શકાય તે અંગેનો માહિતીસભર નિર્ણય લેવા માટે તેમને જોઈતી તમામ માહિતી તેમની પાસે હોય તેની ખાતરી પ્રોસિક્યુટરોએ કરવી જ જોઈએ. આમાં ઘણીવાર તપાસ કરવાના માર્ગો અને પુરાવા અંગેની જરૂરતો વિશે પોલીસને તેમજ અન્ય તપાસ સંસ્થાઓને પ્રોસિક્યુટરો માર્ગદર્શન અને સલાહ આપે છે અને ચાર્જ મૂકતા પહેલાંની કોઈ પણ કાર્યવાહીઓમાં આખા તપાસકાર્ય દરમ્યાન અને પ્રોસિક્યુશનની કાર્યવાહી દરમ્યાન સહાયતા પણ કરે છે. જો કે પ્રોસિક્યુટરો પોલીસ અથવા અન્ય તપાસકારોને સૂચનાઓ આપી શકે નહિ.

3.3 પ્રોસિક્યુટરોએ પુરાવાઓ સંબંધી જે કોઈ પણ નબળાઈઓ હોય તે ઓળખવી જોઈએ અને થ્રેશોલ્ડ ટેસ્ટને (વિભાગ 5 જુઓ) અધીન રહીને જ્યાં શક્ય હોય ત્યાં તેમને સુધારવી જોઈએ, પરંતુ 'ફૂલ કોડ ટેસ્ટ' (આચારસંહિતાની સંપૂર્ણ ચકાસણી)નો (વિભાગ 4 જુઓ) પુરાવાનો તબક્કો પૂરો ન કરતા હોય અને આગળ વધારે તપાસ કરવાથી જેમને વધારે મજબૂત બનાવી શકાય તેમ ન હોય અથવા જ્યાં જાહેર હિત માટે પ્રોસિક્યુશન કરવાની સ્પષ્ટ જરૂરિયાત ન દેખાતી હોય, ત્યાં તેમણે તેવા કેસો ઝડપથી બંધ કરી દેવા જોઈએ. પ્રોસિક્યુટરો આમ તો શરૂઆતમાં પોલીસ અને અન્ય તપાસકારો દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી અને પુરાવાઓનો વિચાર કરતા હોય છે, પરંતુ ચાર્જ મૂકવામાં આવતા પહેલાં શકમંદ અને તેમના વતી કારભાર કરી રહેલાંઓ પણ પ્રોસિક્યુટરોને તેમના નિર્ણયમાં મદદ કરવામાં માહિતી આપવા માટે પોલીસ અથવા અન્ય તપાસકારો દ્વારા પુરાવાઓ મોકલી શકે છે.

3.4 જો કેસ ફૂલ કોડ ટેસ્ટના બંને તબક્કાઓ પસાર કરે તો જ પ્રોસિક્યુટરોએ કેસ શરૂ કરવો જોઈએ કે ચાલુ રાખવો જોઈએ (વિભાગ 4 જુઓ). આમાં અપવાદ એ છે કે, જ્યારે ચાર્જ મૂકવામાં આવ્યા બાદ શકમંદને કસ્ટડીમાં રાખવા માટે કોર્ટમાં અરજી કરવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો હોય, અને ફૂલ કોડ ટેસ્ટ લાગુ પાડવા માટે જરૂરતો પુરાવાઓ હજુ સુધી મળ્યા ન હોય ત્યારે 'થ્રેશોલ્ડ ટેસ્ટ' (શરૂઆત કરવા માટેની ચકાસણી) (વિભાગ 5 જુઓ) લાગુ પાડવામાં આવી શકે.

3.5 જ્યાં પ્રોસિક્યુશનને કોર્ટ જુલમકારક અથવા અન્યાયી હોવા તરીકે જુએ અને તેવી રીતે તે કોર્ટની કાર્યવાહીનું અપમાન કરે, તો તેવા કિસ્સાઓમાં પ્રોસિક્યુશન શરૂ કરવામાં કે ચાલુ રાખવામાં ન આવે તેની પ્રોસિક્યુટરોએ ખાતરી કરવી જ જોઈએ.

3.6 પુનઃવિચારણાની કાર્યવાહી સતત હોય છે અને જેમ કેસ આગળ વધતો જાય તેમ સંજોગોમાં થતા કોઈ પણ ફેરફારોને પ્રોસિક્યુટરોએ ધ્યાનમાં લેવા જ જોઈએ. જો તેઓ ચાર્જીસ બદલવાનું કે કેસ બંધ કરવાનું વિચારી રહ્યાં હોય તો, જ્યારે પણ શક્ય હોય ત્યારે, તેમણે પહેલાં તપાસકારો સાથે વાત કરવી જોઈએ. પ્રોસિક્યુટરો અને તપાસકારો નિકટતાથી સાથે મળીને કામ કરે છે, પરંતુ કોઈ કેસ આગળ વધવો જોઈએ કે નહિ તે માટેનો નિર્ણય લેવાની આખરી જવાબદારી પ્રોસિક્યુશન સર્વિસ ઉપર રહેલી છે.

3.7 સંસદે નિર્ણય કરેલો છે કે અત્યંત ગંભીર અથવા સંવેદનશીલ ગુનાઓ માટેના મર્યાદિત સંખ્યાના કેસો જ ડી.પી.પી. (DPP)ની મંજૂરીથી કોર્ટમાં લઈ જવામાં આવવા જોઈએ. આને "કન્સેન્ટ" (મંજૂરી અપાયેલા) કેસો કહેવાય છે. આવા કેસોમાં, પ્રોસિક્યુશન માટે મંજૂરી આપવી કે નહિ તેનો નિર્ણય લેવામાં ડી.પી.પી. અથવા તેમના વતી પ્રોસિક્યુટરો આચારસંહિતા લાગુ પાડે છે.

# 4 ફૂલ કોડ ટેસ્ટ (આચારસંહિતાની સંપૂર્ણ ચકાસણી)

4.1 ફૂલ કોડ ટેસ્ટના બે તબક્કા છેઃ (i) પુરાવાઓનો તબક્કો; જેના પછી (ii) જાહેર હિતનો તબક્કો.

4.2 મોટાભાગના કેસોમાં, તપાસ પૂરી થઈ ગયા પછી અને ઉપલબ્ધ તમામ પુરાવાઓની સમીક્ષા કરી દીધા પછી જ પ્રોસિક્યુટ કરવું કે નહિ તેનો પ્રોસિક્યુટરોએ નિર્ણય લેવો જોઈએ. પરંતુ, એવા પણ કેસો હશે, જેમાં તમામ સંભવિત પુરાવાઓ એકઠા કરવામાં આવે અને તેના પર વિચારણા કરવામાં આવે તેના પહેલાં જ એવું સ્પષ્ટ થઈ જતું હોય કે જાહેર હિત માટે પ્રોસિક્યુશન કરવાની જરૂરત નથી. આવા ભાગ્યે જ બનતા બનાવોમાં, કેસ આગળ ન વધવો જોઈએ એવું પ્રોસિક્યુટરો નક્કી કરી શકે છે.

4.3 પ્રોસિક્યુટરોએ આવો નિર્ણય ત્યારે જ લેવો જોઈએ જ્યારે તેમને એ વાતનો સંતોષ થયો હોય કે ગુનાના વિસ્તૃત સ્વરૂપની ચોક્સાઈપૂર્વક ખાતરી થઈ ગઈ છે અને તેઓ જાહેર હિતની સંપૂર્ણ માહિતીસભર આકારણી કરી શકે તેમ છે. જો આવો નિર્ણય લેવા માટે પ્રોસિક્યુટરો પાસે પૂરતી માહિતી ન હોય, તો તપાસ આગળ વધવી જોઈએ અને આ વિભાગમાં જણાવવામાં આવેલ ફૂલ કોડ ટેસ્ટ અનુસાર બાદમાં નિર્ણય લેવામાં આવવો જોઈએ.

4.4 આવા કેસોમાં લેવાતા નિર્ણયો યોગ્ય અને સાચા છે તેની ખાતરી કરવા માટે પ્રોસિક્યુટરોએ ડી.પી.પી. (DPP) દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાનું અનુસરણ કરવું જ જોઈએ.

### પુરાવાનો તબક્કો

4.5 પ્રોસિક્યુટરોને એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે દરેક ચાર્જ મૂકવામાં આવેલા દરેક શકમંદ વિરુદ્ધ ગુનો સાબિત કરવાની વાસ્તવિક સંભાવના પૂરી પાડે તેટલા પૂરતા પુરાવા ઉપલબ્ધ છે. બચાવ પક્ષનો કેસ શું હોઈ શકે, અને તેના લીધે ગુનો સાબિત કરવાની સંભાવના પર કેવી રીતે અસર પડી શકે તેમ છે તેનો પણ તેમણે વિચાર કરવો જ જોઈએ. પુરાવાનો તબક્કો પસાર ન કરે તેવો કેસ આગળ ન જ વધવો જોઈએ, પછી ભલે તે ગમે તેટલો ગંભીર કે સંવેદનશીલ હોય.

4.6 ગુનો સાબિત કરવાની વાસ્તવિક સંભાવના, પ્રોસિક્યુટરે કરેલી પુરાવાઓની આકારણી તેમજ શકમંદ દ્વારા કદાચ રજૂ કરવામાં આવી શકે તેવી બચાવ પક્ષ વિશેની જે કોઈ પણ માહિતી તેમની પાસે હોય, માત્ર તેના જ આધાર પર કરવામાં આવતી એક ઉદ્દેશપૂર્ણ ચકાસણી છે. એટલે કે યોગ્ય દિશાસૂચન મેળવેલ તેમજ કાયદા અનુસાર કાર્યવાહી કરી રહેલ ઉદ્દેશપૂર્ણ, નિષ્પક્ષ અને વાજબી જ્યુરી અથવા ન્યાયાલયોના મેજિસ્ટ્રેટો અથવા કેસની સુનાવણી સાંભળી રહેલા જજ, આરોપ લગાવવામાં આવેલા ચાર્જ માટે અપરાધીને ગુનેગાર ન ઠેરવે તેના કરતાં તેને ગુનેગાર ઠેરવે તેવી સંભાવના વધારે હોય. ક્રિમિનલ કોર્ટો (ફોજદારી અદાલતો)એ પોતે જે પ્રકારની ચકાસણી લાગુ પાડવી જરૂરી હોય છે તેના કરતાં આ જુદા પ્રકારની ચકાસણી છે. જો કોર્ટને ચોક્કસ ખાતરી હોય કે પ્રતિવાદી ગુનેગાર છે તો જ તે તેનો ગુનેગાર પુરવાર કરી શકે છે.

4.7 પ્રોસિક્યુટ કરવા માટે પૂરતા પુરાવાઓ છે કે નહિ તેનો નિર્ણય લેતી વખતે, પ્રોસિક્યુટરોએ એ વાત પણ ધ્યાનમાં લેવી જોઈએ કે તે પુરાવાઓનો ઉપયોગ કરી શકાય તેમ છે કે નહિ અને તે ભરોસાપાત્ર છે કે નહિ. એવા ઘણા કેસો હશે, જેમાં પુરાવાઓ કોઈ ચિંતાનું કારણ બનતા ન હોય. પરંતુ એવા પણ કેટલાક કેસો હશે જેમાં શરૂઆતમાં લાગે તેટલા સબળ પુરાવાઓ નહિ હોય. ખાસ કરીને પ્રોસિક્યુટરોએ નીચેની બાબતોને ધ્યાનમાં લેવાની જરૂર પડશે.

#### તે પુરાવાનો કોર્ટમાં ઉપયોગ કરી શકાશે?

a કોર્ટ દ્વારા પુરાવાને બાકાત કરી નાખવામાં આવે તેવી સંભાવના છે? એવા કેટલાક કાનૂની નિયમો છે જેના કારણે સંબંધિત જણાતા હોય તેવા પુરાવા ટ્રાયલ વખતે આપી ન શકાય. દાખલા તરીકે, જેવી રીતે પુરાવો મેળવવામાં આવ્યો હોય તેના કારણે તે પુરાવાને કોર્ટ દ્વારા બાકાત કરી નાખવામાં આવે એવી શક્યતા છે?

b શું તે પુરાવો જોયેલી કે સાંભળેલી વાત છે? જો એવું હોય, તો આવા પુરાવાઓ કોર્ટમાં આપવાની પરવાનગી આપતા કોઈ પણ અપવાદો હેઠળ તે પુરાવો રજૂ કરવાની કોર્ટ મંજૂરી આપે તેવી શક્યતા છે?

c શું તે પુરાવો શકમંદના ખરાબ ચારિત્ર્ય સાથે સંબંધિત છે? જો એવું હોય, તો કોર્ટ તેને રજૂ કરવાની મંજૂરી આપે તેવી શક્યતા છે?

### પુરાવા ભરોસાપાત્ર છે?

d શકમંદે શું ખુલાસો આપ્યો છે? શું સમગ્ર પુરાવાઓને ધ્યાનમાં રાખીને કોર્ટ તેને વિશ્વસનીય માને તેવી શક્યતા છે? શું પુરાવો કોઈ એક નિર્દોષ ખુલાસાને ટેકો આપે છે?

e શું એવો પુરાવો છે જે કબૂલાતની ભરોસાપાત્રતાને ટેકો આપે અથવા તો તેનું મૂલ્ય ઘટાડી દેતો હોય? શું તેની ભરોસાપાત્રતા પર શકમંદની સમજશક્તિના પ્રમાણ જેવાં પરિબળોની અસર પડે તેમ છે?

f શું શકમંદની ઓળખ પર સવાલ ઉઠે તેવી શક્યતા છે? તેની ઓળખ માટેના પુરાવાઓ પૂરતા પ્રમાણમાં સશક્ત છે? શું ઓળખ માટેની યોગ્ય કાર્યવાહી કરવામાં આવી છે? જો ના, તો શા માટે નહિ? શું ઓળખ માટેની યોગ્ય કાર્યવાહી નહિ કરવાને કારણે ઓળખ માટેના પુરાવાઓ બાકાત કરવામાં આવી શકે તેમ છે?

g કોઈ પણ સાક્ષીના પુરાવા (કે જુબાની)ની સચોટતા, ભરોસાપાત્રતા કે વિશ્વસનીયતા વિશે કોઈ ચિંતાઓ છે?

h એવા કોઈ બીજા વધારે પુરાવાઓ છે જે શોધવા માટે પોલીસ અથવા અન્ય તપાસકારોને વાજબી રીતે કહેવામાં આવી શકે જે સાક્ષીના ખુલાસાને ટેકો આપી શકે અથવા તેને નબળું પાડી શકે તેમ હોય?

i શું કોઈ પણ સાક્ષીનું એવું કોઈ પણ પ્રયોજન છે જેના લીધે કેસ પ્રત્યેના તેમના વલણ પર અસર પડી શકે તેમ હોય?

j શું કોઈ પણ સાક્ષી ઉપર અગાઉ કોઈ લાગતાવળગતા ગુના સાબિત થયેલા છે અથવા તેમના પરના કોર્ટ બહાર કોઈ કેસનો નિકાલ લાવવામાં આવેલો છે, જેના કારણે તેમની વિશ્વસનીયતા પર અસર પડી શકે તેમ હોય?

k શું બીજા કોઈ વધારે પુરાવાઓ મેળવી શકાય તેમ છે, જે પહેલેથી મેળવી  લેવાયેલા પુરાવાઓની પ્રમાણિકતાને ટેકો આપે તેમ હોય?

4.8 જ્યાં એવું માનવામાં આવતું હોય કે સાક્ષીના પુરાવાની ભરોસાપાત્રતાની આકારણી કરવામાં અથવા તો કોઈ જટિલ પુરાવાને સમજવામાં મદદરૂપ થઈ શકે તેમ છે, ત્યાં યોગ્ય તાલીમ મેળવેલા અને અધિકૃત સત્તાવાળા પ્રોસિક્યુટરે લાગતીવળગતી આચારસંહિતાઓ અનુસાર સાક્ષીઓનો પ્રી-ટ્રાયલ (ટ્રાયલ શરૂ થતા પહેલાંનો) ઈન્ટરવ્યૂ કરવો જોઈએ.

4.9 જો  પ્રોસિક્યુટરો કોઈ પુરાવા વાપરી શકાય તેમ છે કે નહિ અથવા ભરોસાપાત્ર છે કે નહિ તે વિશે ચોક્કસ ન હોય, તો તેના કારણે તેમણે તે પુરાવાને અવગણવા જોઈએ નહિ. પરંતુ ગુનો સાબિત કરવા માટેની વાસ્તવિક સંભાવના તેમાં રહેલી છે કે નહિ તેનો નિર્ણય કરતી વખતે તેમણે તે પુરાવાને ઝીણવટપૂર્વક જોવા જોઈએ.

## જાહેર હિતનો તબક્કો

4.10 1951માં તે સમયના એટની જનરલ સર હાર્ટલી શોક્રોસે જાહેર હિત ઉપર એક નમૂનારૂપ નિવેદન કર્યું હતું: ‘‘આ દેશમાં એવો નિયમ ક્યારેય નથી - અને હું આશા રાખું કે તેવો નિયમ ક્યારેય બને પણ નહિ - કે ફોજદારી ગુનાની શંકા હોય તેવા ગુનાઓ પર આપમેળે પ્રોસિક્યુશન કરવામાં આવે.’’ તેમણે ઉમેર્યું હતું કે પ્રોસિક્યુશન ત્યારે કરવામાં આવવું જોઈએ, જ્યારે: ‘‘એવું લાગતું હોય કે ગુનો અથવા તે જેવા સંજોગોમાં કરવામાં આવ્યો હોય તે સંજોગો એવી લાક્ષણિકતાના હોય કે જેથી તેના સંબંધમાં કરવામાં આવનારું પ્રોસિક્યુશન જાહેર હિત માટે જરૂરી હોય.’’ (હાઉસ ઓફ કોમન્સ ડીબેટ્સ, ગ્રંથ 483, 29 જાન્યુઆરી 1951). ત્યારથી માંડીને તમામ એટર્ની જનરલોએ આ વલણને પુષ્ટિ આપી છે.

4.11 તે જ રીતે, પ્રોસિક્યુશનને ન્યાયી ઠેરવવા માટે અથવા કોર્ટ બહાર નિકાલ લાવવાની ઓફર કરવા માટે પૂરતા પુરાવાઓ હોય, ત્યાં પ્રોસિક્યુશન કરવાનું જાહેર હિત માટે જરૂરી છે કે નહિ તેનો પ્રોસિક્યુટરોએ વિચાર કરવો જ જોઈએ.

4.12 સામાન્ય રીતે પ્રોસિક્યુશન કરવામાં આવશે, સિવાય કે જ્યાં પ્રોસિક્યુટરને ચોક્કસ ખાતરી હોય કે જાહેર હિતનાં કેટલાંક પરિબળો પ્રોસિક્યુશનની વિરુદ્ધમાં છે જે તેની તરફેણનાં પરિબળો કરતાં વધારે વજનદાર છે, અથવા જ્યાં પ્રોસિક્યુટરને એ વાતનો સંતોષ થાય કે અપરાધીને પહેલાં કોર્ટ બહાર કેસનો નિકાલ લાવવાની ઓફર કરીને (વિભાગ 7 જુઓ) મામલો ઉકેલવાની તક આપવાથી જાહેર હિત સાચવી શકાય તેમ છે. ગુનો અથવા અપરાધીના ગુનાકીય વર્તનનો ઈતિહાસ જેટલો વધારે ગંભીર હોય તેટલી જ જાહેર હિતમાં પ્રોસિક્યુશન કરવાની જરૂર પડવાની શક્યતા વધારે છે.

4.13 જાહેર હિતની આકારણી કરવા માટે માત્ર બંને પક્ષો તરફથી જુદાં જુદાં પરિબળો એકઠાં કરીને ઉમેરવાનું અને કયા પક્ષમાં વધારે પરબિળો થાય તે ગણવાનું જ પૂરતું નથી. દરેક કેસને તેની પોતાની હકીકતો તેમજ તેના પોતાના ગુણાંક પર ધ્યાનમાં લેવામાં આવવો જ જોઈએ. દરેક કેસના સંજોગોમાં પ્રોસિક્યુટરોએ દરેક જાહેર હિતના પરિબળની અગત્યતા નક્કી કરવી જ જોઈએ અને તે પછી તેની સમગ્રતયા આકારણી કરવી જોઈએ. એવું પણ ઘણીવાર શક્ય છે કે કોઈ એક જ એવું પરિબળ હોય બીજાં અનેક પરિબળો સામે ભારે પડે અને તેમની વિરુદ્ધ દિશામાં જતું હોય. અમુક ચોક્કસ કેસોમાં જાહેર હિતોનાં એવાં પરિબળો હોઈ શકે જે પ્રોસિક્યુશનની વિરુદ્ધમા ંહોય, પરંતુ પ્રોસિક્યુટરોએ વિચારણા કરવી જોઈએ કે તેમ છતાંયે પ્રોસિક્યુશન આગળ વધારવું કે નહિ અને જ્યારે સજા સંભળાવવામાં આવે ત્યારે તે પરિબળોને કોર્ટ સમક્ષ રજૂ કરવાં જોઈએ.

4.14 કોઈ પરિબળની ગેરહાજરીનો અર્થ એવો થવો જરૂરી નથી કે તેને વિરુદ્ધમાં જતાં પરિબળ તરીકે ગણવું. દાખલા તરીકે, કોઈ ગુનો ''કોઈ જૂથ દ્વારા કરવામાં ન આવ્યો હોય'' તેના કારણે ''પ્રોસિક્યુશનની તરફેણમાં જતા પરિબળ''ને ''પ્રોસિક્યુશનની વિરુદ્ધમાં જતા પરિબળ''માં તબદીલ કરાય નહિ.

4.15 સૌથી યોગ્ય પગલાં લેવાનું નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવવાં જોઈએ તેવાં જાહેર હિતનાં કેટલાંક સૌથી સામાન્ય પરિબળોની યાદી નીચે આપેલી છે. જાહેર હિતનાં પરિબળોની નીચેની યાદી સંપૂર્ણ નથી અને દરેક કેસને તેની પોતાની હકીકતો તેમજ તેના પોતાનાં ગુણાંકો પર વિચારવામાં આવવો જ જોઈએ.

### પ્રોસિક્યુશનની તરફેણમાં જતાં જાહેર હિતનાં કેટલાંક સામાન્ય પરિબળો

4.16 પ્રોસિક્યુશન કરવાની જરૂરત પડવાની સંભાવના વધારે છે, જો:

a ગુનો સાબિત થયે નોંધપાત્ર સજા સંભળાવવામાં આવે તેવી શક્યતા હોય;

b ગુનો સાબિત થવાના પરિણામે કોર્ટનો ઓર્ડર આપવામાં આવી શકે જે પ્રોસિક્યુટર શરતી ચેતાવણી મારફતે મેળવે તેના કરતાં વધારે હોય;

c ગુનામાં કોઈ હથિયારનો ઉપયોગ કરવામાં આવ્યો હોય કે હિંસા કરવાની ધમકી આપવામાં આવી હોય;

d જો જાહેર જનતાને સેવા પૂરી પાડનાર કોઈ વ્યક્તિ વિરુદ્ધ ગુનો કરવામાં આવ્યો હોય (દાખલા તરીકે ઈમર્જન્સી સર્વિસના કોઈ સભ્ય; પોલીસ અથવા જેલ અધિકારી; આરોગ્ય અથવા સામાજિક કલ્યાણ માટેના કોઈ વ્યવસાયિક; અથવા જાહેર પરિવહન પૂરા પાડનાર કોઈ);

e તે ગુનો પહેલેથી સમજી વિચારીને કરવામાં આવ્યો હોય;

f તે ગુનો કોઈ જૂથ દ્વારા કરવામાં આવ્યો હોય;

g તે ગુનો કોઈ બાળકની હાજરીમાં અથવા બાળક હોય તેની નજીકના આસપાસના વિસ્તારમાં કરવામાં આવ્યો હોય;

h તે ગુનો, ગુનાનો ભોગ બનેલ વ્યક્તિના લઘુમતી અથવા રાષ્ટ્રિય મૂળ, લિંગ, અસમર્થતા, ઉંમર, ધર્મ કે માન્યતા, રાજકીય મંતવ્યો, જાતીય વલણ અથવા લૈંગિક ઓળખ સામેના કોઈ પણ પ્રકારના ભેદભાવથી પ્રેરિત થઈને કરવામાં આવ્યો હોય; અથવા શકમંદે તેમાંથી કોઈ પણ લક્ષણોને કારણે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ પ્રતિ દુશ્મનાવટભર્યું વર્તન દાખવ્યું હોય;

i બીજો વધારે ગંભીર ગુનો કરવામાં સરળતા કરી આપવા માટે તે ગુનો કરવામાં આવ્યો હોય;

j ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ અરક્ષિત પરિસ્થિતિમાં હતી અને શકમંદે તેનો ગેરલાભ ઉઠાવ્યો હોય;

k જે રીતે ગુનો કરવામાં આવ્યો હોય તેમાં ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને ભ્રષ્ટ કરવાનું તત્વ પણ તેમાં રહેલું હોય;

l શકમંદ અને ગુનાનો ભોગ બનેલી વ્યક્તિઓની ઉંમરમાં ઘણો મોટો તફાવત હોય અને શકમંદે તેનો ગેરલાભ ઉઠાવ્યો હોય;

m શકમંદ અને ગુનાનો ભોગ બનેલી વ્યક્તિની સમજશક્તિના પ્રમાણમાં ઘણો મોટો તફાવત હોય અને શકમંદે તેનો ગેરલાભ ઉઠાવ્યો હોય;

n શકમંદ વ્યક્તિ સત્તા અને વિશ્વાસના કોઈ એવા સ્થાને હોય અને તેણે આ બાબતનો ગેરલાભ ઉઠાવ્યો હોય;

o શકમંદ વ્યક્તિ ગુનાની મુખ્ય વ્યક્તિ અથવા તો દોરવણી કરનાર હતી;

p શકમંદ ઉપર આ અગાઉ સાબિત થયેલા ગુના અથવા તેની સાથે કોર્ટ બહાર નિકાલ લાવવામાં આવ્યો હોય તે કેસો તેના હાલના ગુના સાથે લાગતાવળગતા હોય;

q શકમંદે કોર્ટના ઓર્ડરનો ભંગ કરીને ગુનો કર્યો હોવાનો તેના પર આરોપ મૂકવામાં આવ્યો હોય;

r પ્રોસિક્યુશનને સમાજનો વિશ્વાસ જાળવી રાખવા માટે તેનાથી ઘણા મહત્વના પ્રમાણમાં સકારાત્મક અસર થઈ શકે તેમ હોય;

s એવું માનવા માટેનાં દ્રઢ કારણો હોય કે તે ગુનો ચાલુ રહેવાની કે ફરીથી થવાની શક્યતા છે.

## પ્રોસિક્યુશનની વિરુદ્ધમાં જતા હોય તેવાં જાહેર હિતનાં કેટલાંક સામાન્ય પરિબળો

4.17 પ્રોસિક્યુશન કરવાની જરૂરત પડવાની સંભાવના ઓછી છે, જો:

a કોર્ટ માત્ર નજીવી સજા કે દંડ કરે તેવી શક્યતા હોય;

b ગુનો કરવાની ગંભીરતા અને તેનાં પરિણામો ઉપર કોર્ટ બહાર નિકાલ લાવીને યોગ્ય રીતે પગલાં લઈ શકાય તેમ હોય, જેનો શકમંદ સ્વીકાર કરે અને જેનું તે પાલન કરે (વિભાગ 7 જુઓ);

c શકમંદ પર કોઈ યોગ્ય નિયંત્રણ કાર્યવાહીઓ કરવામાં આવી હોય અથવા તેના પર કોઈ શિક્ષાત્મક કે લાગતીવળગતી દીવાની સજા કરવામાં આવેલી હોય, જે અમલમાં ચાલુ રહે અથવા જેને સંતોષજનક રીતે છૂટી કરી દેવામાં આવી હોય, જે ગુનાની ગંભીરતાને તેમજ તેમાં સંકળાયેલ કોઈ પણ વિશ્વાસભંગને યોગ્ય રીતે સંબોધતી હોય;

d કોઈ પ્રમાણિક ભૂલ અથવા ગેરસમજણને પરિણામે તે ગુનો કરવામાં આવ્યો હોય;

e ખોટ કે નુક્સાનીને નજીવી હોવા તરીકે વર્ણવી શકાય તેમ હોય અને તે કોઈ એક જ બનાવના પરિણામે થયેલ હોય, ખાસ કરીને જો તે કોઈ ખોટા નિર્ણયને કારણે થયેલ હોય;

f ગુનો થયો હોય ત્યારથી ટ્રાયલની તારીખની વચ્ચે ખૂબ વધારે લાંબો સમય વીતી ગયો હોય, સિવાય કે:

- ગુનો ગંભીર હોય;
- તે સમય વીતવાનું કારણ સંપૂર્ણપણે અથવા અમુક અંશે શકમંદ હોય;

- તે ગુનો હમણાં તાજેતરમાં જ જાણમાં આવ્યો હોય;
- તે ગુનાની જટિલતા એટલી બધી હોય કે જેના કારણે તે વિશે ઘણી લાંબી તપાસ કરવી પડી હોય; અથવા
- અગાઉ ઉકેલી ન શકાયા હોય તેવા ગુનાની ફરીથી તપાસ કરવા માટે તપાસ કરવાની નવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, જેના પરિણામે શકમંદની ઓળખ થઈ ગઈ હોય;

g પ્રોસિક્યુશન કરવાને કારણે ગુનાનો ભોગબનેલી વ્યક્તિના શારીરિક કે માનસિક આરોગ્ય પર વિપરીત અસરો પડવાની શક્યતા હોય, ગુનાની ગંભીરતા અને ગુનાનો ભોગ બનેલી વ્યક્તિના શારીરિક કે માનસિક આરોગ્ય પર પ્રોસિક્યુશનને કારણે પડનારી અસરો વિશે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિનાં મંતવ્યોને હંમેશાં ધ્યાનમાં રાખીને;

h ગુનો કરતી વખતે શકમંદની ભૂમિકા ઘણી નાની હોય;

i જે નુક્સાન થયું હોય કે ખોટ પડી હોય તે શકમંદે યોગ્ય કરી આપ્યું હોય (પરંતુ શકમંદે વળતર ચૂકવી આપ્યું હોય અથવા તેણે ગેરકાયદેસર રીતે મેળવેલા હોય તેવા પૈસાથી તે નુક્સાનીના પૈસા ભરપાઈ કરે માત્ર તે કારણે જ તેના પર પ્રોસિક્યુશન અથવા કોર્ટ  બહાર નિકાલ લાવવાનું ટાળવું ન જ જોઈએ);

j શકમંદ હાલમાં અથવા ગુનો થયો હોય તે સમયે ઘણા ગંભીર પ્રમાણમાં માનસિક કે શારીકિ બીમારીથી પીડાતો/પીડાતી હોય, સિવાય કે ગુનો ગંભીર હોય અથવા તે ફરીથી થવાની ખરેખરી સંભાવના હોય. માનસિક બીમારી ધરાવતાં અપરાધીઓ સાથે કેવી રીતે પગલાં લેવાં તે વિશે પ્રોસિક્યુટરો હોમ ઓફિસની માર્ગદર્શિકા લાગુ પાડી શકે છે અને તેમણે જાહેર જનતાની અથવા આવાં લોકોને સંભાળની સેવાઓ પૂરી પાડનારાંઓની સુરક્ષાની જરૂરતની સામે શકમંદની માનસિક કે શારીરિક બીમારીનું સમતોલન રાખવું જ જોઈએ.

k પ્રોસિક્યુશન કરવાને કારણે એવી વિગતો જાહેર કરવી પડે તેમ હોય જેના લીધે માહિતી જ્યાંથી મેળવવામાં આવી હોય તે સ્થાન, આંતરરાષ્ટ્રિય સંબંધો કે રાષ્ટ્રિય સુરક્ષાને નુક્સાન થઈ શકે તેમ હોય.

### ગુનાનો ભોગ બનેલ વ્યક્તિઓ કે તેમનાં કુટુંબીજનોનાં મંતવ્યો

4.18 જાહેર હિતમાં પ્રોસિક્યુશન કરવાની જરૂરત છે કે નહિ તેનો નિર્ણય કરતી વેળાએ, ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ પર ગુનાની કેવી અસર પડી છે તે વિશે તેણે વ્યક્ત કરેલાં મંતવ્યોને ધ્યાનમાં લેવાં જોઈએ. યોગ્ય કેસોમાં, દાખલા તરીકે, માનવ વધ (ખૂન)ના કેસમાં અથવા જ્યાં ગુનાનો ભોગ બનનાર કોઈ નાનું બાળક હોય અથવા મેન્ટલ કેપેસિટી એક્ટ 2005 હેઠળ નિશ્ચિત કરવામાં આવેલી ક્ષમતા જેનામાં ન હોય તેવી પુખ્ત વયની વ્યક્તિના કેસમાં, પ્રોસિક્યુટરે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિનાં કુટુંબીજનો દ્વારા વ્યક્ત કરવામાં આવતાં મંતવ્યોને ધ્યાનમાં લેવાં જોઈએ.

4.19 પરંતુ, ગુનાનો  ભોગ બનેલાં લોકો અથવા તેમનાં કુટુંબીજનો માટે જેવી રીતે સોલિસિટરો પોતાના ગ્રાહકો સાથે વ્યવહાર કરે છે તેવી જ રીતે પ્રોસિક્યુશન સર્વિસ વ્યવહાર કરતી નથી, અને પ્રોસિક્યુટરોએ જાહેર હિતનું સમગ્રતયા મંતવ્ય બનાવવું જ જોઈએ.

4.20 જ્યાં ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને પોતાનો નિર્ણય સમજાવવાની જવાબદારી પ્રોસિક્યુટરો પર હોય, દાખલા તરીકે, જ્યારે તેઓ કોઈ કેસ બંધ કરી દે અથવા કેસમાં મૂકવામાં આવેલા ચાર્જમાં ઘણો મહત્વનો ફેરફાર કરે, ત્યાં તેમણે કોડ ઓફ પ્રેક્ટિસ ફોર વિક્ટિમ્સ ઓફ ક્રાઈમ (ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની આચારસંહિતા)નું અને સી.પી.એસ. (CPS) ની તમામ લાગતીવળગતી માર્ગદર્શિકાઓનું પાલન કરવું જ જોઈએ. આવા નિર્ણયોની ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને જેટલા સમયની અંદર જાણ કરી દેવામાં આવવી જોઈએ તે સમયમર્યાદાનું પાલન કરવા સહિત, નક્કી કરવામાં આવેલી કોઈ પણ કાર્યવાહીનું પ્રોસિક્યુટરોએ અનુસરણ કરવું જ જોઈએ.

# 5 થ્રેશોલ્ડ ટેસ્ટ (શરૂઆત કરવા માટેની ચકાસણી)

5.1 જ્યારે પણ શક્ય હશે ત્યારે પ્રોસિક્યુટરો ફૂલ કોડ ટેસ્ટ  લાગુ પાડશે. પરંતુ, એવા પણ કેસો હશે જેમાં જો શકમંદને છોડવામાં આવે તો તેના જામીન પર ઘણું મોટું જોખમ રહેલું હોય અને તેને જ્યારે કસ્ટડીમાંથી છોડી મૂકવો/મૂકવી જરૂરી હોય તે સમયે જરૂરી તમામ પુરાવાઓ ઉપલબ્ધ ન હોય, સિવાય કે તેના પર ચાર્જ મૂકવામાં આવે.

5.2 આવા કેસોમાં, ચાર્જ મૂકવા માટેનો નિર્ણય લેવા માટે પ્રોસિક્યુટરો થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી શકે છે.

## થ્રેશોલ્ડ ટેસ્ટ ક્યારે કરી શકાય

5.3 નીચેની ચારેય શરતો પૂરી કરવામાં આવતી હોવાનો જો પ્રોસિક્યુટરને સંતોષ હોય તો જ થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી શકાય છેઃ

a હાલમાં ફૂલ કોડ ટેસ્ટના પુરાવાનો તબક્કો લાગુ પાડવા માટે પૂરતા પ્રમાણમાં પુરાવાઓ ઉપલબ્ધ ન હોય; અને

b એવું માનવા માટેનાં વાજબી કારણો હોય કે વાજબી  સમય મર્યાદાની અંદર બીજા વધારે પુરાવાઓ મળી જશે; અને

c કેસના સંજોગોની ગંભીરતા ચાર્જ મૂકવાના તાત્કાલિક નિર્ણયને ન્યાયી ઠેરવતી હોય; અને

d બેઈલ એક્ટ 1976 અનુસાર જામીન સામે વાંધો ઉઠાવવા માટેનાં સતત મહત્વનાં કારણો હોય અને કેસના તમામ સંજોગોમાં જામીન અટકાવવા માટેની અરજી યોગ્ય રીતે કરી શકાય તેમ હોય.

5.4 જ્યાં ઉપરનામાંથી કોઈ પણ એક શરત પૂરી ન થતી હોય, ત્યાં થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી શકાય નહિ અને શકમંદ પર ચાર્જ મૂકી શકાય નહિ. આવા કેસોને ફરી પાછા કસ્ટડી ઓફિસર પાસે જ મોકલી આપવા જોઈએ અને તેઓ નક્કી કરશે કે તે વ્યક્તિને અટકાયતમાં રાખી મૂકવી જોઈએ કે શરતી અથવા બિનશરતી જામીન પર છોડવી જોઈએ.

5.5 થ્રેશોલ્ડ ટેસ્ટમાં પુરાવાઓને ધ્યાનમાં લેવાના બે ભાગ છે

## થ્રેશોલ્ડ ટેસ્ટનો પહેલો ભાગ - શું વાજબી પ્રમાણમાં શંકા છે?

5.6 પહેલાં, પ્રોસિક્યુટરને એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે કમ સે કમ જે વ્યક્તિ પર ચાર્જ મૂકવામાં આવવાનો છે તેણે તે ગુનો કર્યો હોવાની વાજબી પ્રમાણમાં શંકા છે.

5.7 વાજબી પ્રમાણમાં શંકા છે કે નહિ તે નક્કી કરવામાં, પ્રોસિક્યુટરે હાલમાં ઉપલબ્ધ હોય તે પુરાવાઓને ધ્યાનમાં લેવા જ જોઈએ. આમાં સાક્ષીનાં બયાનો, ચીજ વસ્તુઓ અથવા અન્ય માહિતી હોઈ શકે, પરંતુ તે માટે પ્રોસિક્યુટરને એ વાતનો સંતોષ હોય કેઃ

a તે લાગતાવળગતા છે; અને

b તેને કોર્ટમાં રજૂ કરવા માટે સ્વીકાર્ય સ્વરૂપમાં મૂકી શકાય તેમ છે; અને

c કેસમાં તેનો ઉપયોગ કરવામાં આવશે.

5.8 જો થ્રેશોલ્ડ ટેસ્ટનો આ ભાગ સંતોષજનક રીતે પૂરો થતો હોય, તો પ્રોસિક્યુટરે થ્રેશોલ્ડ ટેસ્ટના બીજા ભાગ માટે આગળ વધવું જોઈએ.

## થ્રેશોલ્ડ ટેસ્ટનો બીજો ભાગ - ગુનો સાબિત કરવા માટેની વાસ્તવિક સંભાવનાઓ હશે?

5.9 બીજું, પ્રોસિક્યુટરને એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે એવું માનવા માટેનાં વાજબી કારણો છે કે સતત તપાસ ચાલુ રાખવાથી વાજબી સમય મર્યાદાની અંદર બીજા વધારે પુરાવાઓ મળી રહેશે, જેથી એકઠા કરવામાં આવેલા તમામ પુરાવાઓ ફૂલ કોડ ટેસ્ટ અનુસાર ગુનો સાબિત કરવા માટેની વાસ્તવિક સંભાવનાઓ સ્થાપિત કરવા માટે સક્ષમ છે.

5.10 બીજા વધારે પુરાવાઓ ઓળખી શકાય તેવા હોવા જ જોઈએ અને માત્ર અનુમાનિત જ ન હોવા જોઈએ.

5.11 થ્રેશોલ્ડ ટેસ્ટના આ બીજા ભાગ હેઠળ નિર્ણય ઉપર પહોંચવામાં, પ્રોસિક્યુટરે નીચેની બાબતોનો વિચાર કરવો જ જોઈએઃ

a બીજા કોઈ વધારાના સંભવિત પુરાવાઓના પ્રકાર, સીમા તેમજ સ્વીકાર્યતા અને કેસ પર તેની શું અસરો પડશે;

b તે પુરાવાઓ કયા ચાર્જીસને ટેકો આપશે;

c તે પુરાવાઓ હાલમાં શા માટે ઉપલબ્ધ નથી તેનાં કારણો;

d બીજા વધારે પુરાવાઓ મેળવવા માટે જરૂરી સમય અને તેના પરિણામે જે કંઈ મોડું થાય તે તમામ સંજોગોમાં વાજબી ગણાશે કે નહિ.

5.12 થ્રેશોલ્ડ ટેસ્ટના બંને ભાગો જો સંતોષપૂર્વક પૂરા કરી લેવામાં આવે, તો પ્રોસિક્યુટરે તે સમયે ઉપલબ્ધ માહિતીના આધારે ફૂલ કોડ ટેસ્ટના જાહેર હિતનો તબક્કો લાગુ પાડવો જ જોઈએ.

### થ્રેશોલ્ડ ટેસ્ટની પુનઃવિચારણા કરવી

5.13 થ્રેશોલ્ડ ટેસ્ટ હેઠળ ચાર્જ કરવાના નિર્ણયને પુનઃવિચારણા હેઠળ રાખવો જ જોઈએ. પુરાવાઓની નિયમિત આકારણી કરતા રહેવું જ જોઈએ જેથી તે ચાર્જ હજુ પણ યોગ્ય છે તેની ખાતરી કરી શકાય અને જામીન આપવા સામેના સતત વિરોધને ન્યાયી ઠેરવી શકાય. જેટલું જલદી વાજબી રીતે વ્યવહારૂ હોય તેટલું જલદી ફૂલ કોડ ટેસ્ટ લાગુ પાડવો જ જોઈએ અને કોઈ પણ સંજોગોમાં તે વ્યક્તિને કસ્ટડીમાં રાખવા માટેની લાગુ પડતી સમય મર્યાદાની અંદર અથવા લંબાવાયેલ કસ્ટડીની સમય મર્યાદા પૂરી થતાં પહેલાં જ કરી દેવું જોઈએ.

# 6 ચાર્જીસની પસંદગી

6.1 પ્રોસિક્યુટરોએ એવા ચાર્જીસની પસંદગી કરવી જોઈએ, જેઃ

a ગુનો કરવાની ગંભીરતા અને તેની હદનું પ્રતિબિંબ પાડતા હોય અને તેને પુરાવાઓનો ટેકો મળતો હોય;

b સજા સંભળાવવા માટે અને ગુનો સાબિત થયા પછીના યોગ્ય આદેશો લાગુ પાડવા માટે કોર્ટને યોગ્ય સત્તાઓ આપતા હોય; અને

c કેસ સ્પષ્ટ અને સરળ રીતે રજૂ કરી શકાય તેમ હોય.

6.2 એટલે કે જ્યાં પસંદગી હોય ત્યાં પ્રોસિક્યુટરો હંમેશાં સૌથી વધારેમાં વધારે ગંભીર ચાર્જ પસંદ ન પણ કરી શકે અથવા તેને ચાલુ ન પણ રાખી શકે.

6.3 પ્રતિવાદી અમુક થોડા ચાર્જીસ માટે પોતાનો ગુનો કબૂલી લેવા પ્રોત્સાહિત થાય તે માટે પ્રોસિક્યુટરોએ જરૂર હોય તેના કરતાં વધારે ચાર્જીસ તેના પર ન મૂકવા જોઈએ. તેવી જ રીતે, પ્રતિવાદી ઓછા ગંભીર ચાર્જ માટે પોતાનો ગુનો કબૂલી લેવા પ્રોત્સાહિત થાય તે માટે તેના પર તેમણે વધારે ગંભીર ચાર્જ ન મૂકવા જોઈએ.

6.4 કેસ ક્યાં સાંભળવામાં આવે તે વિશે કોર્ટ અથવા પ્રતિવાદીએ લીધેલા નિર્ણયને કારણે જ માત્ર પ્રોસિક્યુટરોએ ચાર્જ બદલવા ન જોઈએ.

6.5 ચાર્જ મૂકવામાં આવ્યા બાદ જેમ જેમ કેસ આગળ વધતો જાય તેમ તેમ સંજોગોમાં થતા કોઈ સંબંધિત ફેરફારોને પ્રોસિક્યુટરોએ ધ્યાનમાં લેવા જ જોઈએ.

# 7 કોર્ટની બહાર કરવામાં આવતા નિકાલ

7.1 અમુક કેસોમાં અપરાધીને શરતી ચેતવણી આપવી કે નહિ તેનો નિર્ણય લેવા માટે પ્રોસિક્યુશન જવાબદાર છે. આવા કેસોમાં, ફૂલ કોડ ટેસ્ટ પૂરો કરવામાં આવવો જ જોઈએ. જ્યાં ગુનાની ગંભીરતા અને તેનાં પરિણામોના પ્રતિસાદમાં પ્રમાણસર લાગશે અને જ્યાં લગાવવામાં આવનારી શરતો ક્રિમિનલ જસ્ટિસ એક્ટ 2003ની શરતોની અંદર રહીને રીહેબિલિટેશન, નુક્સાન ભરપાઈ અથવા સજાના ઉદ્દેશો પૂરી કરતી હોય ત્યાં પ્રોસિક્યુટરો શરતી ચેતવણી આપશે.

7.2 શરતી ચેતવણી ગુનાની ફોજદારી સાબિતી નથી, પરંતુ તે અપરાધીના ક્રિમિનલ રેકોર્ડનો એક ભાગ બનાવે છે અને બાદમાં જો કોર્ટમાં બીજી કોઈ કાર્યવાહીઓ થાય તો તેને ધ્યાનમાં લેવામાં આવી શકે છે. જો અપરાધી ફરીથી ગુનો કરે તો પણ પ્રોસિક્યુટરો તેને ધ્યાનમાં લઈ શકે છે. જ્યાં ગુનાનો ભોગ બનેલી વ્યક્તિનાં મંતવ્યોને ધ્યાનમાં રાખીને, પ્રોસિક્યુટરોને એવું લાગતું હોય કે શરતી ચેતવણી આપવાનું શકમંદ, ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ કે સમાજના હિતમાં છે, તો પ્રોસિક્યુટરો તેમ કરી શકે છે.

7.3 અપરાધીને શરતી ચેતવણી આપવાનું કહેવું કે નહિ તેનો નિર્ણય લેતી વખતે પ્રોસિક્યુટરોએ લાગતીવળગતી આચારસંહિતા તેમજ કન્ડિશનલ કોશનિંગ (શરતી ચેતવણી આપવી) ઉપરની ડી.પી.પી. (DPP)ની માર્ગદર્શિકાનું અનુસરણ કરવું જ જોઈએ.

7.4 શરતી ચેતવણીની જે ઓફર સ્વીકારવામાં આવી હોય અને તેનું પાલન કરવામાં આવ્યું હોય તે પ્રોસિક્યુશનનું સ્થાન લે છે. જો શરતી ચેતવણીની ઓફર નકારવામાં આવે અથવા જે વ્યક્તિ શરતી ચેતવણીનો અમલ કરાવવાનો પ્રયાસ કરી રહી હોય તેની સમક્ષ તે પોતાના ગુનાની જરૂરી કબૂલાત ન કરે, તો અસલ ગુના માટે તે પછી પ્રોસિક્યુશન કરવામાં આવવું જ જોઈએ. જો શરતી ચેતવણીની શરતોનું પાલન કરવામાં ન આવ્યું હોય, તો પ્રોસિક્યુટર ફરીથી જાહેર હિતની વિચારણા કરશે અને અપરાધી પર ચાર્જ લગાવવો કે નહિ તેનો નિર્ણય લેશે. સામાન્ય રીતે, અસલ ગુના માટે પ્રોસિક્યુશન કરવામાં આવવું જોઈએ.

7.5 જે ગુના માટે માત્ર ક્રાઉન કોર્ટમાં જ સુનાવણી થઈ શકે તેમ હોય તેના માટે સાદી ચેતવણી આપવાની અધિકૃત મંજૂરી આપવી કે નહિ તેનો નિર્ણય માત્ર પ્રોસિક્યુટરો જ કરી શકે છે. જ્યારે આને યોગ્ય નિકાલ ગણી શકાય તેવા પ્રસંગો ઘણા અપવાદરૂપ હશે.

7.6 બીજા બધા કેસોમાં, પ્રોસિક્યુટરો કદાચ એવું સૂચન કરી શકે કે સી.પી.એસ. (CPS) અથવા હોમ ઓફિસની માર્ગદર્શિકા અનુસાર સાદી ચેતવણી આપવી, અથવા દાખલા તરીકે, પેનલ્ટી નોટિસ ફોર ડિસઓર્ડર (ગેરવ્યવસ્થા માટે દંડની સૂચના) આપવા માટેનું સૂચન કરી શકે. જો કે પેનલ્ટી નોટિસ ફોર ડિસઓર્ડર આપવા માટેનો નિર્ણય પોલીસે લેવાનો હોય છે.

7.7 પ્રોસિક્યુટરોને એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે ફૂલ કોડ ટેસ્ટ પૂરો કરવામાં આવ્યો છે અને અપરાધીએ સ્પષ્ટપણે પોતાના ગુનાની કબૂલાત કરી લીધી છે, તેવા કોઈ પણ કેસમાં તેઓ પોલીસ દ્વારા આપવામાં આવતી સાદી ચેતવણી માટે અધિકૃત મંજૂરી આપે કે સૂચન કરે છે.

7.8 સાદી ચેતવણીનો સ્વીકાર અથવા કોર્ટ બહાર કરવામાં આવતા જે અન્ય નિકાલનો અમલ કરવામાં આવતો હોય તે પ્રોસિક્યુશનનું સ્થાન લે છે. જો સાદી ચેતવણી સ્વીકારવામાં ન આવે, તો પ્રોસિક્યુશને અસલ ગુના ઉપરની કાર્યવાહી અનુસરવી જ જોઈએ. જો કોર્ટ બહારના અન્ય નિકાલનો સ્વીકાર કરવામાં ન આવે, તો જ્યારે પોલીસ અથવા અન્ય તપાસ કરનારાંઓ પાસેથી કેસ મળે ત્યારે પ્રોસિક્યુટરો ફૂલ કોડ ટેસ્ટ લાગુ પાડશે અને અપરાધીને પ્રોસિક્યુટ કરવો કે નહિ તેનો નિર્ણય લેશે.

# 8 યુવાનો

8.1 ફોજદારી કાયદાના હેતુસર, યુવાન/યુવતી એટલે કે 18 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિ.

8.2 યુવાનોને સંડોવતા તમામ કેસોમાં પ્રોસિક્યુટરે એ વાતને ધ્યાનમાં રાખવી જ જોઈએ કે યુનાઈટેડ કિંગડમે યુનાઈટેડ નેશન્સના 1989ના કન્વેન્શન ઓન ધ રાઈટ્સ ઓફ ધ ચાઈલ્ડ (બાળકના અધિકારો અંગેના સંમેલન) અને યુનાઈટેડ નેશન્સના 1985ના સ્ટાન્ડર્ડ મિનિમમ રૂલ્સ ઓફ ધ એડમિનિસ્ટ્રેશન ઓફ જુવેનાઈલ જસ્ટિસ (યુવાનો અંગેના ન્યાયના વહીવટ માટેના પ્રમાણભૂત ઓછામાં ઓછા નિયમો) ઉપર  સહી કરેલી છે. આ ઉપરાંત, પ્રોસિક્યુટરોએ યુવાનો અંગેના ન્યાયની પદ્ધતિના મુખ્ય ઉદ્દેશોને પણ ધ્યાનમાં રાખવા જ જોઈએ, જે બાળકો અને યુવાનોને ગુના કરતા રોકવા માટે છે. પ્રોસિક્યુટ કરવાનું જાહેર હિતમાં છે કે નહિ તેનો નિર્ણય લેતી વખતે પ્રોસિક્યુટરોએ તે યુવાન વ્યક્તિનાં હિતોને ધ્યાનમાં લેવાં જોઈએ.

8.3 માત્ર શકમંદની ઉંમરને કારણે જ પ્રોસિક્યુટ નહિ કરવાનો નિર્ણય પ્રોસિક્યુટરોએ ન લેવો જોઈએ. ગુનાની ગંભીરતા અથવા યુવાન વ્યક્તિનું ભૂતકાળનું વર્તન ઘણું જ અગત્યનું છે.

8.4 યુવાન લોકોને સંડોવતા કેસો પ્રોસિક્યુશન માટે પ્રોસિક્યુશન સર્વિસ પાસે ત્યારે જ મોકલવામાં આવે છે, જ્યારે તે યુવાન વ્યક્તિને પહેલેથી જ ઠપકો અને આખરી ચેતવણી અપાઈ ચૂકી હોય, સિવાય કે તે ગુનો એટલો ગંભીર હોય કે તે બેમાંથી કશું પણ તે માટે યોગ્ય ન ગણાય, અથવા તો બાળક કે યુવાન વ્યક્તિ પોતે ગુનાની કબૂલાત ન કરે.

8.5 ઠપકા, આખરી ચેતવણીઓ અને શરતી ચેતવણીઓનો (વિભાગ 7 જુઓ)  ઈરાદો તેમને ફરીથી ગુના કરતાં રોકવાનો છે અને ફરીથી બીજો ગુનો કરવામાં આવ્યો હોવાની હકીકત દર્શાવી શકે કે તે અગાઉના નિકાલોની કોઈ અસર થઈ નથી. સામાન્ય રીતે આવા કેસોમાં જાહેર હિતો માટે પ્રોસિક્યુશન કરવાની જરૂર પડશે.

# 9 ટ્રાયલ (કેસની સુનાવણી)નો પ્રકાર

9.1 પ્રતિવાદી ઉપર ક્યાં ટ્રાયલ ચલાવવામાં આવે તે વિશે કોર્ટ સમક્ષ રજૂઆત કરતી વખતે, પ્રોસિક્યુટરોએ સજા સંભાળવવા માટેની મેજિસ્ટ્રેટ્સ કોર્ટની હાલની માર્ગદર્શિકાઓ તેમજ લાગતીવળગતી પ્રેક્ટિસ ડાઈરેક્શન (કાર્યવ્યવહાર માટેનાં દિશાસૂચનો)ને ધ્યાનમાં રાખવા જ પડે છે.

9.2 કોઈ કેસને મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં રાખી મૂકવાની માગણી કરવા પાછળ એકમાત્ર કારણ, ઝડપ જ ન હોવુમ જોઈએ. પરંતુ પ્રોસિક્યુટરોએ એ વાતનો વિચાર કરવો જોઈએ કે જો કોઈ કેસ નિર્ધારિત કરવામાં આવ્યો હોય અથવા તે ક્રાઉન કોર્ટમાં મોકલવામાં આવે, તો તેમાં મોડું થવાને કારણે તેની શું અસર પડી શકે તેમજ જો  કેસમાં મોડું થાય તો તેની ગુનાનો ભોગ બનેલ વ્યક્તિ કે સાક્ષી પર શું અસર પડવાની સંભાવના છે.

**યુવાનોને સંડોવતા કેસોમાં ટ્રાયલ માટેનું સ્થળ**

9.3 સામાન્ય રીતે, પ્રોસિક્યુટરોએ એ વાત ખ્યાલમાં રાખવી જ જોઈએ કે જ્યારે પણ શક્ય હોય ત્યારે યુવાન વ્યક્તિ ઉપર યૂથ કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવે. તેમની ચોક્કસ જરૂરતો પૂરી કરવા માટે સર્વોત્તમ નિયુક્ત થયેલ સ્થાન કોર્ટ છે. ક્રાઉન કોર્ટમાં કોઈ યુવાન વ્યક્તિ પર ટ્રાયલ ચલાવવાનું માત્ર અત્યંત ગંભીર કેસો માટે અથવા જ્યાં ન્યાયના હિત માટે કોઈ યુવાન વ્યક્તિ પર કોઈ પુખ્ત વ્યક્તિની સાથે સંયુક્ત રીતે ટ્રાયલ ચલાવવાનું જરૂરી હોય તેવા કેસો માટે જ તે આરક્ષિત રાખવું જોઈએ.

## 10 ગુનો કર્યો હોવાની કબૂલાતો સ્વીકારવી

10.1 પ્રતિવાદી કદાચ તેના બધા જ નહિ પરંતુ અમુક ચાર્જીસ માટે પોતાનો ગુનો કબૂલ કરવા ઈચ્છે. અથવા, તેઓ કોઈ જુદા, સંભવતઃ ઓછા ગંભીર ચાર્જ માટે પોતાનો ગુનો કબૂલ કરવા ઈચ્છે, કારણ કે તેઓ ગુનાના અમુક જ ભાગ માટેની કબૂલાત કરી રહ્યાં હોય.

10.2 પ્રોસિક્યુટરોએ પ્રતિવાદીની કબૂલાત તો જ સ્વીકારવી જોઈએ, જો તેમને લાગતું હોય કે ગુનાની ગંભીરતા મુજબ યોગ્ય હોય તે પ્રમાણેની સજા કોર્ટ તેને સંભળાવી શકે છે, ખાસ કરીને જ્યાં પરિસ્થિતિ વધારે બગાડે તેવી લાક્ષણિકતાઓ તેમાં સામેલ હોય. માત્ર અનુકૂળ હોવાને કારણે જ પ્રોસિક્યુટરોએ ક્યારેય ગુનાની કબૂલાતનો સ્વીકાર કરવો જોઈએ નહિ.

10.3 કરવામાં આવી રહેલી કબૂલાત સ્વીકાર્ય છે કે નહિ તેનો વિચાર કરતી વખતે, પ્રોસિક્યુટરોએ એ વાતની ખાતરી કરવી જોઈએ કે તે કબૂલાત સ્વીકારવાનું જાહેર હિતમાં છે કે નહિ તેનો નિર્ણય કરતી વખતે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિનાં હિતો અને જ્યાં શક્ય હોય ત્યાં તેમનાં મંતવ્યો, અથવા અમુક યોગ્ય કિસ્સાઓમાં ગુનાનો ભોગ બનેલી વ્યક્તિનાં કુટુંબીજનોનાં મંતવ્યોને પણ ધ્યાનમાં લેવામાં આવે. જો કે, આનો છેવટનો નિર્ણય પ્રોસિક્યુટર પર રહેલો છે.

10.4 કયા આધાર પર કોઈ પણ કબૂલાત રજૂ કરવામાં અને સ્વીકારવામાં આવી છે તેની કોર્ટને સ્પષ્ટતા કરવામાં આવવી જ જોઈએ. જે કેસોમાં પ્રતિવાદી ચાર્જીસ માટેની કબૂલાત કરી લે, પરંતુ તે પ્રોસિક્યુશનના કેસથી અલગ હોય તેવી હકીકતોના આધાર પર હોય, અને જ્યાં આના લીધે સજા ઉપર ઘણી મોટી અસર પડી શકે તેમ હોય, ત્યાં શું થયું હતું તે નક્કી કરવા માટેના પુરાવા (કે જુબાની) સાંભળવા માટે કોર્ટને આમંત્રિત કરવામાં આવવી જોઈએ અને તે પછી તે આધાર પર સજા સંભળાવવામાં આવવી જોઈએ.

10.5 જ્યાં પ્રતિવાદીએ અગાઉ સૂચવેલું હોય કે કોર્ટ સજા સંભળાવશે ત્યારે તેઓ કોર્ટને ગુનો ધ્યાનમાં લેવા માટે કહેશે, પરંતુ પછી તે ગુનો કોર્ટમાં કબૂલ કરવાનો ઈનકાર કરે, તો તે ગુના માટે પ્રોસિક્યુશન કરવાની જરૂરત છે કે નહિ તેનો પ્રોસિક્યુટર વિચાર કરશે. પ્રોસિક્યુટરે બચાવ પક્ષના વકીલને તેમજ કોર્ટને સમજાવવું જોઈએ કે તે ગુનાના પ્રોસિક્યુશન વિશે આગળ પુનઃવિચારણા કરવામાં આવી શકે.

10.6 એવી કબૂલાતોને ધ્યાનમાં લેતી વખતે ખાસ ધ્યાન રાખવામાં આવવું જોઈએ, જેના કારણે પ્રતિવાદી ફરજિયાત ઓછામાં ઓછી સજા મેળવવામાંથી બચી જઈ શકે તેમ હોય. જ્યારે કબૂલાતો રજૂ કરવામાં આવે ત્યારે પ્રોસિક્યુટરોએ એ હકીકત પણ ધ્યાનમાં રાખવી જ જોઈએ કે અમુક ગુનાઓ માટે ગૌણ હુકમો કરી શકાય છે, પરંતુ બીજા ગુનાઓ માટે નહિ.

10.7 ''ગુનાઓની કબૂલાતો સ્વીકાર કરવા માટેની એટર્ની જનરલની માર્ગદર્શિકાઓ અને સજા સંભળાવવાની કાર્યવાહીમાં પ્રોસિક્યુટરની ભૂમિકા''નું પ્રોસિક્યુટરોએ પાલન કરવું જ જોઈએ, જેમાં ગુનાઓની કબૂલાતો સ્વીકારવામાં પ્રોસિક્યુટરોની ફરજો અને ભૂમિકાની સીમા વધારે વિગતવાર નક્કી કરવામાં આવી છે.

## 11 સજા સંભળાવવાની પ્રક્રિયામાં પ્રોસિક્યુટરની ભૂમિકા

11.1 સજા સંભળાવવાનો નિર્ણય કોર્ટનો હોય છે, પરંતુ નીચેનાં પરિબળો પર કોર્ટનું ધ્યાન દોરીને યોગ્ય સજા માટેના નિર્ણય પર પહોંચવામાં સજા સંભળાવનાર કોર્ટને સહાયતા પ્રદાન કરવાની પ્રોસિક્યુટરોની ફરજ છેઃ

a પ્રોસિક્યુશનના કેસ દ્વારા ઉઘાડી પડેલી કોઈ પણ બાબતો વધારે ખરાબ કરતાં કે બાબતોને હળવી બનાવતાં કોઈ પણ પરિબળો;

b કોઈ પણ વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ (ગુનાનો ભોગ બનેલ વ્યક્તિનું અંગત બયાન);

c જ્યાં યોગ્ય હોય ત્યાં ગુનો કરવાની સમાજ પર પડતી અસરોના કોઈ પુરાવાઓ;

d કોઈ પણ કાનૂની જોગવાઈઓ, સજા સંભળાવવાને લગતી માર્ગદર્શિકાઓ અથવા સહાયતા કરી શકે તેવા કોઈ માર્ગદર્શક કેસો; અને

e ગૌણ હુકમોને લગતી કોઈ પણ સંબંધિત કાનૂની જોગવાઈઓ (જેમ કે એન્ટિ સોશિયલ બીહેવિયરના ઓર્ડરો - અસામાજિક વર્તન સામેના હુકમો).

11.2 ઉપરનાં તમામ પરિબળોના પ્રકાશમાં, સજાની જે શ્રેણીની અંદર હાલનો ગુનો આવતો હોય તે માટેની કોર્ટ સમક્ષ રજૂઆતો કરીને પણ પ્રોસિક્યુટરો કોર્ટને સહાયતા પ્રદાન કરી શકે.

11.3 બધા જ જટિલ કેસોમાં અથવા જ્યાં ગેરસમજણ થવાની સંભાવના હોય ત્યાં પ્રોસિક્યુટરે કેસને વધારે ખરાબ બનાવતાં કે વધારે હળવો બનાવતાં પરિબળો લેખિતમાં જણાવવાં જ જોઈએ જે વિશે તેઓ સજા સંભળાવવા માટેની સુનાવણીમાં કોર્ટને માહિતી આપતી વખતે જાણ કરશે. બીજા બધા કેસોમાં, જો આવા વલણથી કોર્ટને ફાયદો થાય તેમ હોય અથવા જાહેર જનતાને કેસની સમજણ પડે તેમ હોય તો તે વલણનો વિચાર કરીને તે અપનાવવામાં આવવું જોઈએ.

11.4 તમામ યોગ્ય કેસોમાં વળતરો તેમજ ગૌણ હુકમો મેળવવાની અરજી કરવાની પ્રોસિક્યુટરની ફરજ છે, જેમ કે એન્ટિ સોશિયલ બીહેવિયર ઓર્ડરો અને કોન્ફિસ્કેશન ઓર્ડરો (જપ્તીના હુકમો). કયા ગૌણ હુકમ માટે અરજી કરવી તેનો વિચાર કરતી વખતે, પ્રોસિક્યુટરે હંમેશાં ગુનાનો ભોગ બનેલી વ્યક્તિની ભાવિ સુરક્ષાના પ્રશ્ન સહિતની તેમની જરૂરતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

11.5 કેસને હળવો બનાવવામાં પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ એવા કોઈ પણ દાવાઓનો પ્રોસિક્યુટરે પડકારવા જોઈએ જે ખોટા, ગેરમાર્ગે દોરતા અથવા અપમાનાસ્પદ હોય. જો બચાવ પક્ષ તેમના દાવાઓને વળગી રહે, અને તે સજા સાથે સંબંધિત હોય એવું જણાય, તો હકીકતો નક્કી કરવા માટેના પુરાવાઓ (કે જુબાની) સાંભળવા માટે કોર્ટને આમંત્રણ આપવું જોઈએ અને તે અનુસાર સજા કરવામાં આવવી જોઈએ.

11.6 ''ગુનાઓની કબૂલાતો સ્વીકાર કરવા માટેની એટર્ની જનરલની માર્ગદર્શિકાઓ અને સજા સંભળાવવાની કાર્યવાહીમાં પ્રોસિક્યુટરની ભૂમિકા''નું પ્રોસિક્યુટરોએ પાલન કરવું જ જોઈએ, જેમાં ગુનાઓની કબૂલાતો સ્વીકારવામાં પ્રોસિક્યુટરોની ફરજો અને ભૂમિકાની સીમા વધારે વિગતવાર નક્કી કરવામાં આવી છે.

# 12 પ્રોસિક્યુશનના નિર્ણય ઉપર ફરીથી વિચારણા કરવી

12.1 પ્રોસિક્યુશન સર્વિસ દ્વારા લેવામાં આવતા નિર્ણયો ઉપર લોકો ભરોસો કરી શકવાં જોઈએ. સામાન્ય રીતે, જો પ્રોસિક્યુશન સર્વિસ કોઈ શકમંદ અથવા પ્રતિવાદીને એમ કહે કે પ્રોસિક્યુશન કરવામાં નહિ આવે, અથવા પ્રોસિક્યુશન અટકાવી દેવામાં આવ્યું છે, તો કેસ ફરીથી શરૂ નહિ થાય. પરંતુ કેટલીકવાર એવાં કેટલાંક ખાસ કારણો હોય છે જેના લીધે પ્રોસિક્યુશન સર્વિસ પ્રોસિક્યુટ નહિ કરવાનો અથવા કોર્ટ બહાર નિકાલ લાવીને કેસ ઉપર કાર્યવાહી કરવાનો અથવા તો જો ખાસ કરીને કેસ ગંભીર હોય તો તેઓ ક્યારે ફરીથી પ્રોસિક્યુશન શરૂ કરશે તે વિશેનો પોતાનો નિર્ણય બદલશે.

12.2 આ કારણોમાં નીચેનાંનો સમાવેશ થાય છેઃ

a ભાગ્યે જ બનતા કેસોમાં જ્યાં અસલ નિર્ણય નવેસરથી જોવાને લીધે તે નિર્ણય ખોટો હોવાનું દેખાય અને અગાઉ લીધેલા નિર્ણય છતાં પણ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમમાં વિશ્વાસ ટકાવી રાખવા માટે પ્રોસિક્યુશન શરૂ કરવામાં આવવું જોઈએ;

b વાજબી પ્રમાણમાં નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધ થવાની શક્યતાઓ હોય તેવા વધારે પુરાવાઓ એકઠા કરીને તૈયાર કરી શકાય તે માટે અટકાવવામાં આવ્યા હોય તેવા કેસો. આવા કેસોમાં, પ્રોસિક્યુટર પ્રતિવાદીને કહેશે કે ફરીથી પ્રોસિક્યુશન કદાચ શરૂ કરવામાં આવી શકે તેમ છે;

c પુરાવાઓના અભાવને કારણે અટકાવવામાં આવેલા કેસો, પરંતુ જ્યારે વધારે મહત્વના પુરાવાઓ બાદમાં મળી આવ્યા; અને

d કોઈનું મૃત્યુ થયું હોય તેવા કેસો, જેમાં મૃતકનાં મોતનાં કારણોની તપાસનાં પરિણામોથી એવો નિષ્કર્ષ નીકળે કે પ્રોસિક્યુશન કરવામાં આવવું જોઈએ, અગાઉ પ્રોસિક્યુટ નહિ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોય તો પણ તેની પરવા કર્યા વગર.

12.3 એવા કેટલાક અપવાદરૂપ કેસો પણ હોઈ શકે, જેમાં કોઈ ગંભીર ગુનામાંથી છૂટકારો થઈ ગયા પછી, પ્રોસિક્યુટર, ડી.પી.પી. (DPP)ની લેખિત પરવાનગી લઈને, તે છૂટકારાને રદ કરવા માટેનો અને પ્રતિવાદી પર ફરીથી ટ્રાયલ ચલાવવા માટેનો હુકમ મેળવવા માટે કોર્ટ ઓફ અપીલમાં અરજી કરી શકે.

આ એક જાહેર દસ્તાવેજ છે.

આ દસ્તાવેજની વધારે નકલો તેમજ તે બીજી કઈ  ભાષાઓ અને સ્વરૂપોમાં મળી શકે છે તેની માહિતી અહીંથી મળી શકે છેઃ
CPS Communication Division
Rose Court
Southwark Bridge
London SE1 9HF

ઈમેઈલઃ publicity.branch@cps.gsi.gov.uk

ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ વિશે માહિતી માટે અને આ દસ્તાવેજની ઈલેક્ટ્રોનિક નકલ વાંચવા તેમજ ડાઉનલોડ કરવા માટે, કૃપા કરીને અમારી વેબસાઈટ જુઓઃ

**www.cps.gov.uk**

CPS Policy Directorate
© Crown Copyright 2010